આકાશવાણી ભુજ

સમાચાર વાચક : કલ્પના શાહ

કોમ્પ્યુટર રાઈઝ- શિવરામ ચૌધરી (પટેલ)

તારીખ:-17-09-2024 સમય:-સવારે 6.50 કલાકે

---

## P.M- ત્રીજા કાર્યકાળના પ્રથમ 100 દિવસ

પ્રધાનમંત્રીએ જણાવ્યું કે, તેમની ત્રીજા કાર્યકાળમાં પ્રથમ **100** દિવસમાં દેશમાં સર્વાંગી અને અસરકારક વિકાસ થયો છે. તેમણે જણાવ્યું કે, કેન્દ્ર સરકારે સમાજનાં તમામ વર્ગ માટે કલ્યાણ કાર્ય કર્યાં છે. છેલ્લાં **100** દિવસમાં રેલ, માર્ગ, બંદર અને વિમાન વ્યવહાર અંગેનાં અનેક પ્રોજેક્ટ્સ શરૂ થયા છે.

શ્રી મોદીએ પ્રધાનમંત્રી આવાસ યોજના - ગ્રામીણ હેઠળ **30** હજારથી વધુ પાકા મકાનોનાં નિર્માણને મંજૂરી આપી હતી અને આ મકાનો માટે પ્રથમ હપ્તો જમા કરાવ્યો હતો. તેમણે પ્રધાનમંત્રી આવાસ યોજના લાભાર્થીઓને આવાસ યોજનાના મકાનોની ચાવી આપી હતી.

**RNU અમદાવાદ**

---

DNU BHUJ

## P.M- ભુજ- અમદાવાદ વચ્ચે દેશની પ્રથમ નમો ભારત રેપીડ રેલ

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ગઈકાલે અમદાવાદમાં જીએમડીસી ગ્રાઉન્ડ ખાતે આઠ હજાર કરોડ રૂપિયાના વિવિધ વિકાસલક્ષી પ્રોજેક્ટ્સનું ઉદઘાટન અને શિલાન્યાસ કર્યું હતું.

પ્રધાનમંત્રીએ ભુજ અનેઅમદાવાદ વચ્ચે દેશની પ્રથમ નમો ભારત રેપિડ રેલ અને અન્ય છ વંદે ભારત ટ્રેનનો પ્રારંભ કરાવ્યો હતો. તેમણે જણાવ્યું કે, નમો ભારત રેપિડ રેલ મધ્યમવર્ગનાં પરિવારોને ઇન્ટરસિટી રેલ પરિવહનની સુવિધા પૂરી પાડશે. તેમણે જણાવ્યું કે, આવનારા સમયમાં ભારતના અન્ય શહેરોને પણ નમો ભારત રેપિડ રેલથી કનેક્ટ કરવામાં આવશે.

આ પ્રસંગે શ્રી મોદીએ ગાંધીધામથી આદિપુર અને સામખીયારીથી ગાંધીધામ રેલવે લાઈન વિસ્તૃતિકરણના કુલ ૧૫૮૨ કરોડ રૂપિયાના પ્રોજેક્ટનો વર્ચ્યુઅલી શિલાન્યાસ કર્યો હતો.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે નમો ભારત રેપિડ રેલનો ઉલ્લેખ કરીને આનંદની લાગણી સાથે જણાવ્યું હતું કે, કચ્છના આર્થિક અને પ્રવાસન વિકાસને નમો ભારત રેપિડ રેલ વધુ ગતિ આપશે.

દરમ્યાન, ભુજ રેલવે સ્ટેશન ખાતે નમો ભારત રેપિડ રેલ ટ્રેનના ફ્લેગ ઓફ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેલા કચ્છ મોરબીના સાંસદ વિનોદ ચાવડા, ધારાસભ્યો સહિત જિલ્લાના પદાધિકારીઓએ કચ્છને ભારતની સૌપ્રથમ નમો ભારત રેપિડ રેલની ભેટ મળવા બદલ ખુશીની લાગણી વ્યક્ત કરીને પ્રધાનમંત્રી શ્રી મોદીનો આભાર વ્યક્ત કર્યો હતો.

અસરફભાઈ

---

# P.M- હરિત વિકાસ અને શુન્ય કાર્બન માટે પ્રતિબધ્ધતા

પ્રધાનમંત્રીએ હરિત વિકાસ અને શૂન્ય કાર્બન ઉત્સર્જનનું લક્ષ્ય હાંસલ કરવા માટે ભારતની પ્રતિબધ્ધતા વ્યક્ત કરી હતી અને જણાવ્યું કે, ભારત વિકાસશીલ દેશ હોવા છતાં પેરિસમાં નક્કી કરેલી જળવાયુ પરિવર્તન અંગેની પ્રતિબધ્ધતા નવ વર્ષ પહેલાં પૂર્ણ કરી છે.

શ્રી મોદીએ યુવાનો માટે પુનઃપ્રાપ્ય ઊર્જા ક્ષેત્રમાં રોજગાર અને કૌશલ્ય પ્રચંડતક હોવાનું જણાવ્યું હતું. તેમણે તમામ હિતધારકો અને સંમેલનમાં ભાગ લઈ રહેલા પ્રતિનિધીઓને ભારતના ઊભરતા હરિત ઊર્જા ક્ષેત્રમાં રોકાણ કરવા વિનંતી કરી હતી.

શ્રી મોદીએ જણાવ્યું કે, જળવાયુ સમર્થક સિધ્ધાંત ભારતની પ્રતિબધ્ધતાનો મુખ્ય હિસ્સો છે, જેમાં મિશન લાઇફ એટલે કે પર્યાવરણ અનુકુળ જીવન શૈલી અને પુનઃ ઉપયોગ થનારા અર્થતંત્રની પરિકલ્પનાનો સમાવેશ થાય છે. તેમણે અયોધ્યા સહિત દેશનાં 17 શહેરોને સોલર સિટી તરીકે વિક્સાવવાની યોજના જણાવી હતી. પ્રધાનમંત્રીએ છેલ્લાં 10 વર્ષમાં હરિત હાઇડ્રોજન સહિત વિવિધ સ્વચ્છ ઉર્જા ઉત્પાદન ક્ષેત્રોમાં પોતાની સરકારની ઉપલબ્ધિઓ પર પણ પ્રકાશ પાડ્યો.

**RNU અમદાવાદ**

---

## સ્વચ્છતા હી સેવા પખવાડિયાનો આજથી પ્રારંભ

દેશ સહિત રાજ્યભરમાં સ્વચ્છતા હી સેવા પખવાડિયાનો આજથી પ્રારંભ થશે. જે **31** ઓક્ટોબર સુધી ચાલશે. જેની થીમ "સ્વભાવ સ્વચ્છતા, સંસ્કાર સ્વચ્છતા" છે.

રાજ્ય સરકાર દ્વારા પણ વિવિધ પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવી છે. જેમાં તમામ મહાનગરપાલિકાઓ અને નગરપાલિકાઓ ઉપરાંત રાજ્યના તમામ વિભાગોમાં સ્વચ્છતા હી સેવા - ૨૦૨૪નું અમલીકરણ કરાશે.

લોકભાગીદારી સાથે સ્વચ્છતા અભિયાન, સફાઈ મિત્ર સુરક્ષા શિબિર અંતર્ગત સફાઇ કામદારો સાથે પ્રવૃત્તિઓ કરાશે, રોજરોજની નગરની સફાઈ, શહેરના તમામ ગાર્બેજ પોઈન્ટ, તમામ વાણીજ્ય વિસ્તારો, રહેણાંક વિસ્તારો અને સ્લમ વિસ્તારોની સફાઈ તેમજ શહેરના તમામ બાગ-બગીચાઓ, ફૂટપાથ, ધોરીમાર્ગોની સફાઈની સાથે અન્ય રોજીંદી સફાઈ થશે સાથોસાથ મહાનગરપાલિકાઓ અને નગરપાલિકાઓ દ્વારા થીમ આધારિત સફાઈની કામગીરી પણ કરાશે..

**RNU અમદાવાદ**

---

## ફ્લેગ ડેની થનારી ઉજવણી

જિલ્લા મથક ભુજ ખાતે અખિલ હિન્દ અંધ ધ્વજદિન ફ્લેગ ડેની ઉજવણી નેશનલ એસોસિએશન ફોર ધ બ્લાઈન્ડ ભુજ તેમજ અન્ય સંસ્થાઓના સયુક્ત ઉપક્રમે આજે સવારે શહેરના જ્યુબિલી સર્કલ ખાતે કરાશે. ફ્લેગ ડેની ઉજવણીનો હેતુ નાગરિકોમાં જાગૃતિ લાવી દિવ્યાંગ પ્રજ્ઞાચક્ષુઓને શિક્ષણ, સ્વરોજગારી, પુનર્વસન માટે દાન એક્ત્રિત કરી દિવ્યાંગતા ધરાવતા લોકો પગભર બની શકે તે માટે સમાજની જવાબદારી સુનિશ્ચિત કરવાનો છે.

**N.P**

---

# આજે અનંત ચૌદશ

આજે ભાદરવા સુદ ચૌદશ અનંત ચૌદશ તરીકે ઉજવાય છે. ગણેશ ચતુર્થીથી શરૂ થયેલ દસ દિવસના ગણેશોત્સવનું આજે સમાપન થાય છે. આજે ઠેર ઠેર ગણેશ વિસર્જનનાં કાર્યક્રમો યોજાશે. કચ્છમાં ઘણા સ્થળે ત્રણ કે પાંચ દિવસ ગણેશોત્સવ ઉજવાય છે. જ્યારે ઘણા સ્થળે દસ દિવસ આ મહોત્સવ ઉજવાય છે. ગણેશજીની મૂર્તિઓનું તળાવોમાં વિસર્જન નહિ કરવા અને આવા વિસર્જન વખતે કાળજી રાખવા જણાવ્યું છે.

પદ્ગણીભાઈ

---

RNU BHUJ